












# ગ્લાસગોમાં દેખાઈ ભારતીય સંસ્કૃતિની ભવ્ય ઝાંખી

**‘વસુધૈવ** કુટુમ્બકમ્’ અને ‘વંદે માતરમ્’ના 150 વર્ષની થીમ પર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો

**ભૂમિ** ત્રિવેદી અને શંકર મહાદેવને સંગીતનો જાદુ વિખેર્યો

**અમદાવાદ** અને ગુજરાતના સમૃદ્ધ વારસા તથા આધુનિક વિકાસને વિશ્વ સમક્ષ દર્શાવાયો

ગ્લાસગો, તા. 3 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સમાપન સમારોહમાં 2030ની શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સની યજમાની ભારતને સોંપવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે ભારતે પોતાની અદ્ભુત અને સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, પ્રાચીન વિચારધારા અને સમકાલીન કળાનું ભવ્ય પ્રદર્શન કરીને સમગ્ર વિશ્વને અમદાવાદ આવવાનું ભાવભીનું નિમંત્રણ આપ્યું હતું. OVO હાઇડ્રો ખાતે રવિવારે યોજાયેલા સમાપન સમારોહના ભાવુક ક્ષણરૂપ મુખ્ય પ્રસંગમાં, ગ્લાસગોએ સત્તાવાર રીતે કોમનવેલ્થ ગેમ્સની બેટન ભારતને સોંપી હતી. આ પછી સંગીત, નૃત્ય અને વાર્તા શૈલીની અદ્ભુત પ્રસ્તુતિ દ્વારા ભારતને એક એવા દેશ તરીકે રજૂ કરાયો હતો, જ્યાં પરંપરા અને આધુનિકતા એકસાથે અસ્તિત્વ ધરાવે છે. ભારતીય સાંસ્કૃતિક પ્રસ્તુતિની શરૂઆત ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને વિચારધારા ‘વસુધૈવ કુટુમ્બકમ્’ (સમગ્ર વિશ્વ એક પરિવાર છે)ની ભાવના સાથે થઈ હતી. આ સાથે જ ભારતના રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ્’ના 150 વર્ષની ઉજવણી રૂપે અભિનેત્રી માનુષી છિલ્લરની આગેવાનીમાં એક આકર્ષક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. શંકર મહાદેવનના સંગીત પર સેંકડો કલાકારોએ ભારતની વિવિધતા, ભાષાઓ અને સાંસ્કૃતિક ઓળખની મનોહર ઝાંખી રજૂ કરી હતી. એક ખાસ શોર્ટ ફિલ્મ દ્વારા અમદાવાદ અને ગુજરાતને એક એવા સ્થળ તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં જ્યાં સદીઓ જૂનો વારસો, આધુનિકતા અને શહેરી વિકાસની આકાંક્ષાઓ સાથે જોડાય છે, જે અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સની આ ઐતિહાસિક શતાબ્દી આવૃત્તિ માટે એક યોગ્ય સ્થળ તરીકે સ્થાપિત કરે છે. આ દરમિયાન ભારતીય સિતાર વાદક ઋષભ શર્મા અને સ્કોટિશ સંગીતકાર રોસ આઈન્સલી વચ્ચેની ‘સાંસ્કૃતિક જુગલબંધી’એ બે પ્રાચીન સંગીત પરંપરાઓનો સુંદર સમન્વય સર્જ્યો હતો. અંતમાં, શંકર મહાદેવન અને તેમના પુત્રોએ ‘સુનો ગૌર સે દુનિયા વાલોં’ અને ‘લેહરા દો’ જેવા દેશભક્તિના ગીતોથી સ્ટેડિયમ ગુંજવી મૂક્યું હતું. તો ગુજરાતી ગાયિકા ભૂમિ ત્રિવેદીએ પોતાના વિશેષ પરફોર્મન્સથી ગુજરાતના લોકસંગીત અને સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું હતું.

## CWG: બોક્સિંગ અને જુડોના દમદાર પ્રદર્શનથી ભારતે 39 મેડલ સાથે ચોથું સ્થાન મેળવ્યું

**મુખ્ય** રમતો રદ થયા છતાં ભારતીય ખેલાડીઓએ અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું

**2030** માટે ખેલાડીઓએ બતાવ્યો નવો આશાવાદ




ગ્લાસગો, તા. 3 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં કુસ્તી, શૂટિંગ અને બેડમિન્ટન જેવી મુખ્ય રમતો ગેરહાજર હોવા છતાં, 122 સભ્યોના ભારતીય દળે 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સહિત કુલ 39 મેડલ જીતીને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ભારતના બોક્સરોએ ક્યારેય ન જોયેલું રેકોર્ડબ્રેક પ્રદર્શન કરતા 7 ગોલ્ડ સહિત કુલ 10 મેડલ જીત્યા હતા, જે ભારતીય ટુકડી માટે સૌથી સફળ રમત સાબિત થઈ હતી. આ સિવાય જુડોમાં અસ્મિતા ડે અને હર્ષ સિંહના ગોલ્ડ મેડલ સાથે ભારતે જુડોમાં ઈતિહાસનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. પેરા-એથ્લેટ્સે પણ પાવરલિફ્ટિંગ અને એથ્લેટિક્સમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો અને કોમનવેલ્થ ગેમ્સમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

એથ્લેટિક્સમાં ઈજામાંથી પુનઃરાગમન કરનાર નીરજ ચોપરાએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. જસવિન શંકરે ડેકાથલોનમાં મેડલ જીત્યો, જ્યારે ગુલવીર સિંહે દોડમાં બે મેડલ મેળવ્યા હતા. બીજી તરફ, વેઈટલિફ્ટિંગમાં મીરાબાઈ ચાનુના 1 ગોલ્ડ સાથે ભારતે કુલ 8 મેડલ મેળવ્યા હતા.

ભારતનું એકંદર પ્રદર્શન દર્શાવે છે કે તેની મેડલ જીતવાની આશાઓ હવે માત્ર અમુક નિશ્ચિત રમતો પૂરતી સીમિત નથી રહી. કુસ્તી અને અન્ય રમતોની ગેરહાજરીથી મેડલની સંખ્યા ઘટી શકી હોત, પરંતુ તેની સામે બોક્સિંગે અભૂતપૂર્વ પ્રદર્શન કર્યું, જુડો મેડલ અપાવનારી નવી રમત તરીકે ઉભરી આવ્યું અને પેરા-એથ્લેટ્સે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવી. સાયકલિંગ અને સ્વિમિંગમાં કેટલાક આશાસ્પદ પ્રદર્શન સિવાય ખાસ મેડલ મળ્યા નહોતા. તેમ છતાં, નવા ખેલાડીઓના ઉભરી આવવાથી અને મેડલ મેળવવાની ક્ષમતા વધવાથી, 2030માં અમદાવાદ ખાતે યોજાનારી શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ પહેલાં ભારત માટે આ પ્રદર્શન ખૂબ જ સકારાત્મક સંકેત આપે છે.

## શ્રીલંકા સામેની ટેસ્ટ માટે આકિબ નબીને પ્રથમ વખત ભારતીય ટીમમાં સ્થાન

**કાશ્મીર** ખીણમાંથી ભારતની ટેસ્ટ ટીમમાં પસંદગી પામનાર નબી પ્રથમ ખેલાડી

**ઈજાગ્રસ્ત** બુમરાહની જગ્યાએ આ ફાસ્ટ બોલરને લેવાયો

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): શ્રીલંકા સામે યોજાનારી 2 મેચોની ટેસ્ટ સિરીઝ માટે ઈજાગ્રસ્ત જસપ્રીત બુમરાહના સ્થાને જમ્મુ-કાશ્મીરના 29 વર્ષીય ફાસ્ટ બોલર આકિબ નબીને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બુમરાહ ડાબા ઘૂંટણની ઈજામાંથી સંપૂર્ણપણે સાજો ન થતાં શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. આ સાથે જ આકિબ નબી કાશ્મીર ખીણમાંથી ભારતીય ટેસ્ટ ટીમમાં પસંદગી પામનાર પ્રથમ ખેલાડી બન્યો છે. બારામુલ્લાના વતની આકિબ નબીએ છેલ્લી બે રણજી ટ્રોફી સીઝનમાં 104 વિકેટો ઝડપી હતી અને જમ્મુ-કાશ્મીરને પ્રથમ રણજી ટ્રોફી ખિતાબ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તે ઉપયોગી બેટ્સમેન પણ છે. બે મેચની ટેસ્ટ સિરીઝ 15 ઓગસ્ટથી ગાલે ખાતે શરૂ થશે.

**સુધારા બાદની ભારતીય ટેસ્ટ ટીમ:** શુભમન ગિલ (કેપ્ટન), કે એલ રાહુલ (વાઈસ કેપ્ટન), યશસ્વી જેસ્વાલ, ઋષભ પંત (વિકેટકીપર), સાઈ સુદર્શન*, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, દેવદત્ત પડિક્કલ, સારાંશ જૈન, આકિબ નબી. *(સાઈ સુદર્શનની ભાગીદારી ફિટનેસ ક્લિયરન્સ પર નિર્ભર રહેશે)

## અનુસંધાન ... પાના પહેલાનું

### બિહારની બાંકીપુર...

હાર ભાજપ માટે વધુ આકરી સાબિત થઈ છે, કારણ કે આ બેઠક છેલ્લે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નબીન પાસે હતી. રાજ્યભસામાં તેમની નિમણૂક બાદ આ પેટાચૂંટણી યોજવી પડી હતી.

64,151 મતો મેળવનાર કિશોરે ભાજપના નીરજ કુમારને 19,324 મતોથી હરાવ્યા હતા. કુમારને 44,827 મત મળ્યા હતા. જ્યારે RJDના રેખા ગુપ્તા 14,273 મતો સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. આ વિજય સાથે જ જન સુરાજ પાર્ટીનું ખાતું ખુલ્યું છે. તેને સ્થાપના પછી આ પ્રથમ ચૂંટણી વિજય પ્રાપ્ત થયો છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તેને એક પણ બેઠક મળી ન હતી.

આ ચૂંટણીમાં 2 લાખ પુરુષો અને 1.79 લાખ મહિલાઓ સહિત આશરે 3.8 લાખ મતદારો મતદાન કરવા માટે પાત્ર હતા. પેટાચૂંટણીમાં 34.30 ટકા મતદાન નોંધાયું હતું, જે માત્ર નવ મહિના પહેલાં યોજાયેલી છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં નોંધાયેલા 41.45 ટકા કરતાં સાત ટકાથી પણ વધુ ઓછું હતું. પોતાની રાજકીય કારકિર્દીના આ સફળ વળાંક પર કિશોરે કહ્યું, “આ જીત વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એક ચેતવણી છે, તેમણે ગુનાહિત ઈતિહાસ ધરાવતા સમ્રાટ ચૌધરીના સ્થાને નવો મુખ્યમંત્રી લાવવો જ પડશે.” અગાઉની વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી એક પણ બેઠક જીતી શકી નહોતી અને તે સમયે કિશોરે પોતે ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો હતો. 49 વર્ષીય જન સુરાજ સ્થાપકે ચૂંટણી મેદાનમાં ઊતરતી વખતે જાહેરાત કરી હતી કે તેઓ આ પેટાચૂંટણીને રાજ્યની ભાજપ શાસિત સરકાર પરના “જનમત” તરીકે જુએ છે.

### વિદ્યાર્થીઓ સામેની FIR...

અને જઘન્ય ગુના તરીકે વાંચવામાં આવે.

વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે ગુનાહિત ઈતિહાસ શબ્દની સ્પષ્ટતાની જરૂર છે, કારણ કે વિદ્યાર્થીઓ સામે ટ્રાફિક ઉલ્લંઘન, નાના-મોટા ગુનાઓ અથવા રાજકીય રીતે પ્રેરિત કેસ હોઈ શકે છે. CJIએ અવલોકન કર્યું, અતિશય બળપ્રયોગ કરનારા પોલીસ અધિકારીને બિનજરૂરી રક્ષણ ન મળવું જોઈએ. અને એવું પણ ન થવું જોઈએ કે વિદ્યાર્થી વિરોધના ઓથા હેઠળ કોઈ રીઢો ગુનેગાર પણ બચી જાય.

### ભારે વરસાદના...

ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) એ અસરગ્રસ્ત સ્થળે કર્મચારીઓ અને મશીનરી મોકલી આપી છે અને હાઈવેને શક્ય તેટલી વહેલી તકે વાહનવ્યવહાર માટે યોગ્ય બનાવવા માટે સમારકામ ચાલી રહ્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડતા આ એકમાત્ર ‘બારેમાસ ખુલ્લા રહેતા’ મુખ્ય માર્ગના બંધ થવાને કારણે બંને તરફ સેંકડો વાહનો ફસાયાં છે.

ટ્રાફિક પોલીસે વાહનચાલકોને જ્યાં સુધી રસ્તો સુરક્ષિત જાહેર ન થાય ત્યાં સુધી એનએચ-44 પર મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપી છે.

રાજૌરીના કોટરાંકા વિસ્તારના શાહપુર ગામમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં એક કાચું મકાન ભારે ક્ષતિગ્રસ્ત થયું હતું. જોકે, મકાનમાં રહેતા લોકો આબાદ બચી ગયા હતા.

### પેટ્રોલ, ડીઝલ,...

છે કે સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરવામાં આવતા પેટ્રોલ અને ડીઝલ પરના હાલના ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પશ્ચિમ એશિયામાં યુદ્ધ વચ્ચે બળતણની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા માટે આ વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો હતો. યુદ્ધ શરૂ થયા પછી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા હોવાથી, નિકાસકારો ભાવોના તફાવતનો અનુચિત લાભ ન ઉઠાવે તે રોકવાનો પણ તેનો હેતુ હતો. વિન્ડફોલ ટેક્સનો ઉદ્દેશ્ય પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે નિકાસને નિરુત્સાહિત કરીને પેટ્રોલીયમ પેદાશોની સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો હતો.

### MPની દતિયા...

વિધાનસભા બેઠક ભાજપે જાળવી રાખી છે.

કોંગ્રેસના નેતાઓએ આ જીતને દેશના વિદ્યાર્થીઓ અને અન્ય વર્ગોમાં આવેલી “જાગૃતિ” સાથે જોડી હતી અને તેને “ભાજપના શાસનના અંતની શરૂઆત” ગણાવી હતી. દતિયાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સ્વપ્નિલ વાનખેડેએ પીટીઆઈને જણાવ્યું હતું કે, તમામ 15 રાઉન્ડની મતગણતરીના અંતે ઘનશ્યામ સિંહને 66,757 મત મળ્યા હતા, જ્યારે તિવારીને 60,741 મત મળ્યા હતા. આઝાદ સમાજ પાર્ટીના ઉમેદવાર દામોદર યાદવ 22,527 મત મેળવીને ત્રીજા સ્થાને રહ્યા હતા. ઘનશ્યામ સિંહ અને આશુતોષ તિવારી સહિત કુલ 21 ઉમેદવારો મેદાનમાં હતા. વડોદરાની માંજલપુર બેઠક પર ભાજપના ઉમેદવાર સતિષ પટેલે 30,499 મતની લીડ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીને કુલ 24,585 મત મળ્યા હતા. આ જીત સાથે ભાજપે માંજલપુર બેઠક પર પોતાનો દબદબો યથાવત્ રાખ્યો છે. ભીખા રબારીએ આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પહેલા ભાજપે અહીં ભયનો માહોલ ઉભો કર્યો હતો. એક સમયે તિવારી પર સિંહની 12,607 મતોની સરસાઈ અજેય લાગતી હતી, પરંતુ ભાજપના ઉમેદવાર છેલ્લા રાઉન્ડમાં આ અંતરને અમુક અંશે ઘટાડવામાં સફળ રહ્યા હતા. દિલ્હીની એક કોર્ટે એપ્રિલમાં તત્કાલીન કોંગ્રેસ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીને છેતરપિંડીના કેસમાં ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી, જેના કારણે તેમનું વિધાનસભા સભ્યપદ રદ થતાં આ પેટાચૂંટણી જરૂરી બની હતી. 30 જુલાઈના રોજ યોજાયેલી પેટાચૂંટણીમાં 71.44 ટકા મતદાન નોંધાયું હતું. મધ્ય પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ હેમંત ખંડેલવાલે જણાવ્યું હતું કે પક્ષ ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરશે અને તેના તારણોના આધારે કાર્યવાહી કરશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથે આ ચૂંટણી જીતનો શ્રેય પક્ષના કાર્યકરોની મહેનતને આપતાં કહ્યું હતું કે દતિયાની જનતાએ સત્તાના દબાણ સામે ઝૂકવાનો ઇનકાર કર્યો છે.

### અમેરિકામાં મારું શિક્ષણ...

નાણાને લઈને નિશાના પર આવી ગયા છે. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમનો અભ્યાસ શિષ્યવૃત્તિ અને એજ્યુકેશન લોન દ્વારા શક્ય બન્યો હતો.

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં સોમવારે તેમના નિવાસસ્થાને PTIને આપેલા એક ખાસ ઇન્ટરવ્યુમાં, દીપ્કેએ દેશવટાનો સામનો કરી રહેલા બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનની એ ટિપ્પણીને પણ ફગાવી દીધી હતી જેમાં તેમણે પરીક્ષાની ગેરરીતિઓ સામે CJPના દિલ્હી વિરોધ પ્રદર્શનની સરખામણી ૨૦૨૪ના એ આંદોલન સાથે કરી હતી જેણે શેખ હસીનાની અવામી લીગ સરકારને સત્તા પરથી હટાવી દીધી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું, બાંગ્લાદેશ અને નેપાળના વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ અમને બદનામ કરવા માટે થઈ રહ્યો છે; અમે અલગ છીએ. જ્યારે ભારત પાસે મહાત્મા ગાંધી છે ત્યારે આપણે બાંગ્લાદેશ કે નેપાળ તરફ જોવાની જરૂર નથી એમ તેમણે કહ્યું હતું.

પોતાના શૈક્ષણિક ખર્ચ અને નાણાકીય બાબતો અંગેની માહિતી અધિકાર(RTI) હેઠળ કરાયેલી અરજીથી તેઓ અવિચલિત રહ્યા હતા અને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે હજુ સુધી કોઈ વ્યક્તિગત હુમલાનો સામનો કર્યો નથી. સુરતના એક RTI કાર્યકર્તાએ શનિવારે કહ્યું હતું કે તેમણે દીપ્કેના પિતા, જેઓ નિવૃત્ત સરકારી કર્મચારી છે અને જેમણે પોતાના પુત્રને અભ્યાસ માટે વિદેશ મોકલ્યો હતો, તેમના ફંડિંગની તપાસની માંગણી કરી છે. ૩૦ વર્ષીય દીપ્કેએ શાંતિથી કહ્યું, જેઓ મારા શિક્ષણના ફંડિંગની તપાસ કરવા માંગે છે તેઓ તેમ કરવા માટે સ્વતંત્ર છે. તેમણે કહ્યું, મને બોસ્ટન યુનિવર્સિટીમાંથી સ્કોલરશીપ મળી હતી અને બાકીની રકમ માટે મેં એજ્યુકેશન લોન લીધી હતી. તે હજુ પણ બાકી છે અને ચૂકવવાની છે. આ લડાઈ વ્યક્તિગત નથી. બોસ્ટન યુનિવર્સિટીની કોલેજ ઓફ કમ્યુનિકેશનમાંથી પબ્લિક રિલેશન્સમાં માસ્ટર ઓફ સાયન્સની ડિગ્રી મેળવનાર દીપક જૂન મહિનામાં ભારત પરત ફર્યા હતા જેથી તેઓ NEET-UG પેપર લીક સામેના આંદોલનનું નેતૃત્વ કરી શકે.

### સુપ્રીમ કોર્ટના...

વૈધાનિક પ્રસ્તાવ પર બોલવા માટે વિનંતી કરી હતી, પરંતુ નારેબાજી ચાલુ રહેતા, બિલને મતદાન માટે મૂકવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને મંજૂરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા ખરડો, ૨૦૨૬ પસાર થયા પછી, ગૃહ દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું હતું. આ બિલ ૨૦ જુલાઈના રોજ રજૂ કરવામાં આવ્યા પછી લગભગ દરરોજ કાર્યસૂચીમાં સૂચિબદ્ધ હતું, પરંતુ વિચારણા અને પસાર કરવા માટે આવી શક્યું ન હતું.

સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે જજો વધારેલી સંખ્યા એ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ કેસોનો નિકાલ કરવા માટેના સૌથી અતિ આવશ્યક અને વ્યવહારુ ઉકેલોમાંથી એક છે. મે મહિનામાં, કેન્દ્રીય કેબિનેટે સર્વોચ્ચ અદાલતની મંજૂર કરાયેલી સંખ્યા વધારવાના ખરડાને લીલી ઝંડી આપી હતી, પરંતુ ટૂંક સમયમાં જ સરકાર વટહુકમ લાવી હતી. વટહુકમ પછી, અપગ્રેડ કરાયેલ મંજૂર સંખ્યાના આધારે સર્વોચ્ચ અદાલતમાં પાંચ ન્યાયાધીશોની નમણૂક કરવામાં આવી હતી. વટહુકમ બહાર પાડવામાં આવ્યા પછી, ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સહિત સુપ્રીમ કોર્ટમાં જજોની મંજૂર થયેલી સંખ્યા ૩૪ થી વધીને ૩૮ થઈ ગઈ છે.

### જો મોદી પોતાની...

સુરતના એક આરટીઆઇ કાર્યકર્તાએ દીપ્કેના પિતા, જેઓ એક નિવૃત્ત સરકારી કર્મચારી છે અને જેમણે પોતાના પુત્રને શિક્ષણ માટે વિદેશ મોકલ્યો હતો, તેમની નાણાકીય બાબતોની તપાસ કરવાની માંગ કરી હતી. દીપ્કેએ છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, હું મારો સ્કોલરશિપ લેટર અને એજ્યુકેશન લોનના પત્રો જાહેર કરવા તૈયાર છું. શું વડાપ્રધાન મોદી તેમની ડિગ્રી બતાવશે? દીપ્કેની આ ટિપ્પણીઓ ચળવળકારો અને રાજકીય વિપક્ષોની એ માંગના જવાબમાં હોવાનું જણાય છે, જેમાં તેઓ મોદીની ડિગ્રીઓની સત્યતા ચકાસવા માટે સત્તાવાર ખરાઈ અને યુનિવર્સિટીના રજિસ્ટરની જાહેર તપાસની માંગ કરી રહ્યા છે.

### દિલ્હી ડાયરી...

એક વ્યક્તિએ તેમના તરફ ચંપલ ફેંક્યું અને અફરાતફરી મચી ગઈ. પોતાના સ્વભાવ મુજબ ડર્યા વગર, તેમણે સ્થિતિ સંભાળી લીધી અને તેમના સમર્થકો તે ઘૂસણખોર પર તૂટી પડ્યા. પાછળથી યાદવે દાવો કર્યો કે સંસદ ભવનમાં આ સ્વાંગ રચ્યો ત્યારથી જ તેમને કેટલાક જમણેરી સંગઠનો તરફથી ધમકીઓ મળી રહી હતી.

## સમગ્ર તંત્ર અને સરકાર તેને બચાવવામાં લાગેલા હતા: ફોગાટ

**વિનેશ** ફોગાટે હાઈકોર્ટમાં જવાના સંકેત આપ્યા કોંગ્રેસ અને વિપક્ષના સરકાર પર આકરા પ્રહારો



નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): મહિલા રેસલર્સના જાતીય સતામણી કેસમાં બ્રિજભૂષણ શરણ સિંહને નિર્દોષ મુક્ત કરાતાં જ તીવ્ર પ્રતિક્રિયાઓ સામે આવી છે.

રેસલર વિનેશ ફોગાટે ‘એક્સ’ પર પોસ્ટ કરીને કહ્યું કે સમગ્ર તંત્ર અને સરકાર શરૂઆતથી જ બ્રિજભૂષણને બચાવવામાં લાગેલા હતા. તેણે ઉમેર્યું કે રેસલર્સે હિંમત હારી નથી અને તેઓ પોતાના વકીલો મારફતે આ ચુકાદા સામે વહેલી તકે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ દાખલ કરશે.

એપ્રિલ-મે 2023માં દિલ્હીના જંતર-મંતર ખાતે બ્રિજભૂષણ સામે યોજાયેલા 36 દિવસના વિરોધ પ્રદર્શનમાં રેસલર્સ વિનેશ ફોગાટ, સાક્ષી મલિક અને બજરંગ પુનિયા મુખ્ય ચહેરો હતા. બજરંગ પુનિયાએ પણ આવી જ પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

બીજી બાજુ, આ નિર્ણયને લઈને વિપક્ષી નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે એક તરફ મહિલા સશક્તિકરણની વાતો થાય છે અને બીજી તરફ આવો અન્યાય જોવા મળે છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના હર્ષવર્ધન સપકાળે કહ્યું હતું કે ‘આપણું કમનસીબ છે કે દેશમાં બહેરી, મૂંગી અને આંધળી સરકાર સત્તા પર બેઠી છે. ભાજપનો સાચો ચહેરો આજે આપણા સૌની સામે આવી ગયો છે.’